# શાલીમાર પેઈન્ટ્સનું રેવેન્યુ વધ્યું : ઉત્પાદન ક્ષમતા વધી

રંગ ઉત્પાદન ક્ષેત્રની કંપની શાલીમાર પેઈન્ટસના જણાવ્યા મુજબ નાણા વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં રેવેન્યુ રૂા. ૭૨/૧૦ કરોડથી વધી રૂા. ૭૫/૪૦ કરોડ થયું છે. પાછલા વર્ષના આ ગાળાની સરખામણીએ રેવેન્યુમાં ૧૩ ટકાની વૃદ્ધી થઇ છે. તાજેતરમાં રજૂ થયેલા રાઈટ ઈસ્યુમાં રૂા. ૨૦૦ કરોડનું ભંડોળ કંપનીએ મેળવ્યું છે. નાશિક પ્લાન્ટ ફરી કાર્યશિલ થઇ રહ્યો છે તથા તેના પગલે ઉત્પાદન ક્ષમતામાં વૃદ્ધી થઇ રહી હોવાનું સીઇઓ સુરેન્દ્ર ભાટીયાએ જણાવ્યું હતું. પાછલા બે ત્રિમાસિક ગાળામાં કામગીરી ઉત્તમ રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. ડેકોરેટીવ પેઇન્ટ બજારમાં માગ વધી છે.